### જીએસટીના અધિકારીઓ મનફાવે તેવા અર્થઘટન કરતાં વેપારી દંડાયાં

# GSTની આંટીઘુટીમાં વેપારી સામે યેનકેન પ્રકારે કાર્યવાહી થતાં રોષ

**ચરોતરમાં** જીએસટીની અરજી સમયસર અરજીનો નિકાલ ન થતાં વેપારીઓને ભારે નુકશાન

(પ્રતિનિધિ) આણંદ તા.26

ચરોતરમાં જીએસટીના કાયદા વેપારીઓમાં પરેશાની ઉભી કરી રહ્યાં છે. જીએસટી કાયદો અમલમાં આવ્યો ત્યારથી ઘણી બધી કાયદાકીય આંટીઘુંટીને કારણે હરંહમેશ વેપારી પક્ષે જ નુકશાની ભોગવવાનો વખત આવી રહ્યો છે. અધિકારીઓ પોતાની રીતે કાયદાના અર્થઘટન કરી વેપારીને યેનકેન પ્રકારે જવાબદાર ઠેરવી દંડનાત્મક કે શિક્ષાત્મક પગલા ભરતાં રહે છે.

ચરોતરમાં જીએસટી કાયદો શરૂઆતથી જ વેપારીઓને અનેક મુંઝવણ ઉભી મુકી રહ્યો છે. જીએસટી નવો હોવાથી વેપારીઓ દ્વારા ચોરીના આશય વિના ઘણી બધી ભૂલો થયેલી હતી. આ ભૂલો સંબંધે વિભાગ દ્વારા અલગ અલગ પ્રકારની નોટિસો આપી હતી. જેથી વેપારીઓએ તે તૃટીઓ દૂર કરેલી હતી. જેમાં કેટલાક કિસ્સાઓમાં અધિકારીઓના અલગ અલગ અભિગમથી વેપારીની રજૂઆતો ગ્રાહ્ય રાખવામાં આવી નથી. આથી, કેટલાક કિસ્સાઓમાં કાયદાની જોગવાઈ મુજબ તત્કાલીન અધિકારીએ કરેલા ઓર્ડરને ફેર સુધારણા માટે પણ ઓનલાઈન અને ટપાલ આપીને કાર્યવાહી કરી હોય પણ તત્કાલીન અધિકારીએ તે ધ્યાને ન લીધી હોવાથી વેપારીને ના છૂટકે વડોદરા અપીલનો સહારો લેવાનો વારો આવ્યો છે. હાલ આવી અરજીઓં પેન્ડીંગ છે. જ્યારે વિભાગ દ્વારા નવી નવી નોટીસો કાઢવામાં આવી રહી છે. હાલ અધીકારીઓ આ અમલ મનસ્વી રીતે નહી પણ સરકારને રેવન્યુનું નુકશાન ન થાય તેનું ધ્યાન રાખીને વેપારીને બરોડા અપીલના ખોટા ધક્કા ખાવાના વારા ન આવે તે ધ્યાન રાખે તે વેપારી આલમમાં ચર્ચાઈ રહ્યું છે.

આ અંગે વેપારીઓએ રોષ પૂર્વક જણાવ્યું હતું કે, વેપારી ભુલ કરે તો તેમને દંડ, વ્યાજ, લેટ ફિ જેવી નોટીસ ફટકારી વસુલાત કરવામાં આવે છે. પરંતુ અધિકારીઓ સમયસર કામ નથી કરતા અને તેના લીધે વેપારીઓને ખોટી હેરાન થાય છે. વડોદરા અપીલમાં જવું પડે છે, ધક્કા ખાવા પડે છે. તે બાબતે ઉચ્ચ અધિકારીઓ યોગ્ય પગલાં ભરે અને વેપારી ખોટી રીતે, હેરાન ન થાય તે ધ્યાન રાખવા માગણી કરવામાં આવી છે. આ ઉપરાંત વેપારીઓના એસેસમેન્ટ માટે રિવ્યુ સેલની રચના કરવામાં આવી છે, પરંતુ વેપારી તરફે પણ અધિકારીઓએ કરેલા ખોટા ઓર્ડરને લીધે વેપારી વર્ષો સુધી હેરાન થાય છે. તે સંબંધે અધીકારી વિરૂદ્ધ કોઈ ચોક્કસ સેલની રચના કરવામાં આવે તેવી પણ ચર્ચા ઉઠી છે. જેથી સાચા વેપારીને ખોટી રીતે અધિકારીની કનડગતનો સામનો કરવો ન પડે.

#### જુની ઓનલાઇન અરજીઓનો નિકાલ ક્યારે કરાશે ?

નડિયાદમાં થોડા સમય પહેલા નવા નિયુક્ત નાયબ રાજ્યવેરા કમિશનર અને સંયુક્ત રાજ્ય વેરા કમિશનરના ધ્યાને જુની અરજીનો મુદ્દો આવ્યો હતો. આથી, જુની અરજીના નિકાલ સંબંધે તેઓએ નિકાલ લાવવાની તાકીદે સૂચના આપી હતી. હાલમાં જાહેર કરેલી સ્કીમનો છેલ્લો દિવસ 31મી માર્ચ,2025 છે. અમુક શરતોને આધીન તે સ્કીમનો લાભ લેવા પાત્ર છે. આવા સંજોગોમાં કેટલાક વેપારીએ લાભ માટે અરજી પણ કરી દીધી છે. તેમ છતાંય કશું જોયા વગર માત્ર તેમને અલગ અલગ ફોન પણ કરવામાં આવે છે અને સરકારના નાણા અને કાગળનો દુરૂપયોગ કરીને તેમને ધંધાના સ્થળે સ્કીમનો લાભ માટે પત્રો પણ મોકલવામાં આવે છે.

#### રિવોકેશન અરજી કરનારા વેપારીને સાંભળવામાં આવશે

આણંદ, ખેડા જિલ્લાના વેપારીઓએ રિવોકેશન માટે ઓન લાઈન અરજી કરી હોય પરંતુ સમયાંતરે તત્કાલીન અધિકારી દ્વારા તે અરજીનો નિકાલ ના કર્યો હોય અને તે વેપારીને અપીલમાં જોવાનો વારો આવ્યો છે. તેવા જ વેપારીઓને હવે ભૂતકાળમાં રિવોકેશનની કરેલી અરજી માટે એક વર્ષે બાદ રૂબરૂ સાંભળવાની તક માટે હાજર રહેવા નોટિસ ફટકારવામાં આવી રહી છે.

#### એક - એક વર્ષ સુધી આકારણીનો નિકાલ કરાતો નથી

વેટ કાયદા અંગે પણ પેટ્રોલ પંપના વર્ષ 20-21ની આકારણી કિસ્સાઓમાં નોટીસ કાઢવાથી અને ઓર્ડર પસાર કર્યા તારીખની તપાસ કરવામાં આવે તો વેપારી દ્વારા કોઈ પુરાવા બાકી રાખવામાં આવ્યા નથી. આમ છતાં કેટલાક અધિકારીઓએ એક એક વર્ષ સુધી તેમની આકારણીનો નિકાલ કર્યો નથી. વેપારીને વેરો ભરવામાં જેટલો સમયસર આગ્રહ રાખવામાં આવે છે, તેટલો જ સમયસર આકારણીમાં કેમ આગ્રહ રાખતાં નથી ? તે પ્રશ્ન વેપારીઓમાં ઉઠ્યો છે.

### ખાનપુરમાં વાહન ટક્કરે આધેડનું મોત

(પ્રતિનિધિ) ખાનપુર તા.26

ખાનપુરના ખુંટેલાવ ગામમાં રહેતાં ગીરીશ રૂપાભાઈ ડામોરના પિતા રૂપાભાઈ ફુંદાભાઈ ડામોર (ઉ.વ.47) 26મી માર્ચના રોજ સવારના ઘરેથી હિરા ઘસવા માટે જેતપુર ગામ જવા બાઇક પર નિકળ્યાં હતાં. પરંતુ વડાગામ ચોકડી નજીક લીમડીયાથી વડાગામ આવતા રોડ પર બમ્બ નજીક તેમને અકસ્માત નડતા સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ અંગે તપાસ કરતાં રૂપાભાઈની બાઈકને પાછળથી અજાણ્યા વાહને ટક્કર મારતાં અકસ્માત થયો હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે ખાનપુર પોલીસે અજાણ્યા ઈક્કો ગાડીના ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

# ખંભાત-તારાપુર પંથકમા વીજ ચોરી પકડાતાં 8.29 લાખનો દંડ ફટકાર્યો

**વહેલી** સવારે સપાટો બોલાવીને 56 કનેક્શનમાં વીજ ચોરી ઝડપાઈ

(પ્રતિનિધિ) આણંદ તા 26

ખંભાતના ગોલાણા, વલ્લી, વૈણજ, કસબારા સહિત અન્ય ગામોમાં વહેલી સવારે એમજીવીસીએલની વીજીલન્સ ટીમોએ સપાટો બોલાવીને 56 કનેકશન વીજ ચોરી પકડી રૂ 8.29 લાખનો દંડ ફટકાર્યો છે.

ખંભાત તારાપુર પંથકમાં વીજ ચોરીનું પ્રમાણ છેલ્લા કેટલાક સમયથી ખુબ વધી ગયું છે. આણંદ જિલ્લા વીજતંત્રએ સર્વે કરીને વીજ ચોરી અટકાવવા ઝુંબેશ હાથ ધરી છે. જેના ભાગરૂપે 10થી વધુ વીજીલન્સ ટીમોએ પોલીસ બંદોબસ્ત સાથે ગોલાણા, રોહીણી, જાફરાબાજ, વાળંદપુરા, વલ્લી, ખાખસર સહિતના ગ્રામ્ય વિસ્તારમાં ખેતીવાડી, ઔદ્યોગિક સહિતના વીજ મીટરો તપાસવામાં આવ્યાં હતા. જેમાં 56 જેટલા વીજ ધારકો ડાયરેકટ લંગર નાંખી, મીટરમાં ચેડા કરવા સહિત જુદા જુદા નુસખા અપનાવીને વીજ ચોરી કરતાં ઝડપી પાડયાં હતા. વીજ અધિનિયમ મુજબ 8.29 લાખનો દંડ ફટકારીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ખંભાત તારાપુર પંથકમાં મોટા પ્રમાણમાં વિજ ચોરી પકડાઈ જવા પામી છે. ત્યારે આગામી દિવસોમાં સમગ્ર જીલ્લામાં આણંદ શહેર તાલુકા સહિત ઉમરેઠ, બોરસદ, આંકલાલ, પેટલાદ વગેરે વિસ્તારોમાં વિઝિલન્સ ટીમો દ્વારા દરોડા પાડી કાર્યવાહી હાથ ધરી છે.

# કપડવંજ પંથકમાં દોઢ હજાર વીજ ગ્રાહકોએ સ્માર્ટ મીટર બેસાડયાં

**સમગ્ર શહેરમાં** સ્માર્ટ મીટર બેસાડવાનો લક્ષાંક રખાયો

(પ્રતિનિધિ) કપડવંજ તા.26

કપડવંજ પંથકમાં જૂના ડીઝીટલ મીટરના બદલે હવેથી સ્માર્ટ મીટર બેસાડવાનો પ્રોજેક્ટ વીજ કંપની દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. જેનો પ્રારંભ કપડવંજ નગરની સરકારી કચેરીઓથી શરૂ કરી નગરના વિવિધ રહેણાંક મકાનોમાં શરૂ થઈ ગયો છે. આગામી 2026 સુધીમાં સમગ્ર કપડવંજ નગરમાં સ્માર્ટ મીટર બેસાડવામાં આવશે.

મધ્ય ગુજરાત વીજ કંપનીના નાયબ કાર્યપાલક ઈજનેર શૈલેષભાઈ કડિયાએ જણાવ્યું હતું કે, કપડવંજમાં સ્માર્ટ મીટર બેસાડવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જે અંતર્ગત પ્રથમ ફેઝમાં કપડવંજની સરકારી કચેરીમાં પ્રાઈવેટ ઈન્ટેલી સ્માર્ટ કંપની તથા એમજીવીસીએલના કર્મચારીઓ (ડીસ્ટ્રીબ્યુટર કંપનીના કર્મચારીઓ)ના સંયુક્ત ઉપક્રમે નવા સ્માર્ટ મીટરો બેસડવાનો પ્રારંભ થયો છે. બાદ નગરના રહેણાંક વિસ્તારો જેવા કે મારૂતિનંદન-૧ અને ૨, એ.કે. પ્લાઝા, ગાંધીજીની પ્રતિમા પાસેનો વિસ્તાર, હનુમાનપુરા સહિત અન્ય સોસાયટીઓના મકાનો અને દુકાનો મળી કુલ-1457 સ્માર્ટ મીટર બેસાડવામાં આવ્યા છે. હાલ સ્માર્ટ મીટર પોસ્ટ પેઈડ મોડમાં જ છે. તે પોસ્ટ પેઈડ મોડમાં જ રહેશે. જેમાં પ્રતિ માસ બિલ આવશે અને તે દશ દિવસની અંદર ભરપાઈ કરવાનું રહેશે. સ્માર્ટ મીટરના ડેટા મેળવવા માટે જીઓ અથવા એરટેલ કંપનીનું સીમકાર્ડ હોય છે. જેનાથી રિમોટ પ્લેસથી મીટરના રીડીંગ અને અન્ય ડેટા મેળવી શકાય છે.

આ અંગે વીજ ગ્રાહકોને સુચિત કરતા શૈલેષ કડિયાએ જણાવ્યું કે, સ્માર્ટ મીટરમાં અગાઉથી કોઈપણ જાતનું રીચાર્જ કરાવવાનું નથી. તેનો કોઈપણ પ્રકારનો ચાર્જ ભરવાનો પણ નથી. પરંતુ દર મહિને તેનું બિલ આવશે. જેથી અગાઉ સ્માર્ટ મીટરો માટે રાજ્યના કેટલાક ઠેકાણે હોબાળો થયો હતો તે પ્રકારના સ્માર્ટ મીટર નથી. જેથી નગરની જનતાને સાથ સહકાર આપવા અનુરોધ કર્યો છે.

# ઠાસરાના ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ન મળતાં ખેડૂતો લાલઘૂમ

**તંત્રએ** એપ્રિલ સુધી પાણી આપવાનો વાયદો કર્યા બાદ ફેરવી તોળ્યુ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.26

ખેડા જિલ્લાના ઠાસરા અને ગળતેશ્વર તાલુકામાં સિંચાઈનું પાણી 31 માર્ચથી બંધ કરવાની તંત્રની જાહેરાતથી ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. તંત્રએ અગાઉ 15 એપ્રિલ સુધી પાણી આપવાની બાંહેધરી આપી હતી.

ઠાસરાના કાલસર, ઢુણાદરા, આગરવા, જાખેડ, નેશ અને રખિયાલ સહિતના ગામોના ખેડૂતોએ સિંચાઈના પાણીની આશાએ ડાંગરની વાવણી કરી હતી. ખેડૂતોનું કહેવું છે કે પાણી વહેલું બંધ થવાથી તેમનો પાક સુકાઈ જવાની શક્યતા છે. આ પરિસ્થિતિમાં તેઓ ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવા મજબૂર બનશે. મહી કેનાલમાંથી સિંચાઈનું પાણી મેળવતા આ વિસ્તારના ખેડૂતોએ આક્ષેપ કર્યો છે કે સરકાર વારંવાર 15 એપ્રિલ સુધી પાણી આપવાનું વચન આપે છે. પરંતુ પછીથી 15 દિવસ વહેલું બંધ કરીને તેમને મુશ્કેલીમાં મૂકી દે છે. આ મામલે નડિયાદના ઈજનેર કે.સી. ચૌહાણે સ્પષ્ટતા કરી છે કે સામાન્ય રીતે 15 માર્ચે પાણી બંધ કરવામાં આવે છે. આ વર્ષે 31 માર્ચ સુધી પાણી આપવામાં આવશે. કેનાલની મરામત અને સફાઈની કામગીરી માટે પાણી બંધ કરવું જરૂરી છે. તેમણે ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખી વચલો રસ્તો કાઢવાની ખાતરી આપી છે.

# વડતાલમાં PIને મેસેજ મોકલનાર ઈસમ ઝડપાયો

**તારા ડરથી** આપઘાત કરીશ તેવી ધમકી આપી હતી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.26

વડતાલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરના મોબાઈલ ઉપર માથાભારે શખ્સે પોલીસ ધરપકડથી બચવા આપઘાત કરવાની ધમકી આપતો મેસેજ કર્યો હતો. આ બનાવ અંગે વડતાલ પોલીસે ગુનો નોંધી પી.આઈ.ને મેસેજ કરનાર શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વડતાલ પોલીસ સ્ટેશનના પી.આઈ.પી.એસ. બરંડા ના મોબાઈલ ઉપર મહેશ રબારી 'તારા ડરથી આપઘાત કરીશ તો તેની જવાબદારી તારી રહેશે' તેવો ધમકી આપતો મેસેજ કર્યો હતો. આ મહેશ રબારી નામના ઈસમ સામે નડિયાદ સહિતની કોર્ટોમાં કેસ ચાલતા હોય વોરંટ બજવણી થયા વગર પરત જતા હોવાની હકીકત પોલીસના ધ્યાન પર આવી હતી. આ બનાવ અંગે વડતાલ પોલીસે ગુનો નોંધી માથાભારે મહેશ રાજાભાઈ રબારી (રહે. રબારીવાડો,વડતાલ)ને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

# મહીસાગર જિલ્લાના 290 જેટલાં આરોગ્ય કર્મચારીને છુટા કરાયાં

**એસ્મા** અંતર્ગત નોટીસ આપવા છતાં હડતાલ પરથી પરત ફર્યાં નહતાં

(પ્રતિનિધિ) લુણાવાડા, તા.26

મહિસાગર જિલ્લામાં પડતર માંગણી સંદર્ભે હડતાલ પર ગયેલા કર્મચારીને પરત ફરવા નોટીસ આપવા છતાં તેઓએ ગણકાર્યું નહતું. આખરે તેમને ફરજ પરથી છુટા કરવા આદેશ અપાયાં હતાં. જેમાં જિલ્લાના કુલ 290 કર્મચારીનો સમાવેશ થાય છે.

રાજ્યભરના આરોગ્ય વિભાગના કર્મચારી 17મી માર્ચથી હડતાલ પર ઉતર્યાં હતાં. જેમાં મહિસાગર જિલ્લાના કર્મચારી પણ જોડાયાં હતાં. જોકે, આરોગ્ય વિભાગે એસ્મા લાગુ કર્યો હતો અને હડતાલ પર ગયેલા તમામ કર્મચારીને ફરજ પર જોડાઈ જવા તાકીદ કરવામાં આવી હતી. આમ છતાં આરોગ્ય કર્મચારી અડગ રહ્યાં હતાં. બીજી તરફ સરકારે પણ આંકરા પગલાં ભરવાના શરૂ કર્યાં હતાં અને હડતાલ પર ઉતરેલા તથા નોટીસ આપવા છતાં ફરજ પર હાજર ન થયેલા કર્મચારીને એસ્માના કાયદા અંતર્ગત છુટા કરવા આદેશ કર્યો હતો. આથી, મહિસાગર જિલ્લા આરોગ્ય અધિકારીએ કુલ 290 કર્મચારીને તાત્કાલિક અસરથી છુટા કર્યાં હતાં. આ કર્મચારીમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર અને ફિમેઈલ હેલ્થ વર્કરનો સમાવેશ થાય છે. મહિસાગર જિલ્લામાં કુલ 552 કર્મચારી હતાં. જેમાંથી 290 છુટા કરવામાં આવ્યાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા પંચાયત હસ્તકના આરોગ્ય કર્મચારીઓ છેલ્લા દસ દિવસથી ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે પડતર માગણીઓને લઈને આંદોલન કરી રહ્યા છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા 'સુગંધીત અને મસાલા પાક તજજ્ઞતા' પર તાલીમ અપાઇ



**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અરણેજ અને કેન્દ્ર સરકારની મિશન ઇન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર યોજના હેઠળ ધંધુકા તાલુકાના છસિયાણા ગામે 'સુગંધીત અને મસાલા પાક તજજ્ઞતા' વિષય પર ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ધંધુકા અને ધોલેરા તાલુકાના 150 જેટલા ખેડૂત ભાઈઓએ ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના ઔષધીય અને સુગંધીત મસાલા પાક વિભાગના વિષય નિષ્ણાત ડો.રાજપાલસિંહ અને ડો. નિલેશ ચાવડાએ અશ્વગંધા, ઇસબગુલ, જીરું વગેરે પાકોની તલસ્પર્શી માહિતી આપી હતી. જેમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. બી. એચ. પંચાલે ભાલ વિસ્તારમાં આશાસ્પદ બાગાયત પાકોમાં જેવા કે બોર, જામફળ, દાડમ, સરગવો વગેરેની અને નર્સરી થકી આવક વધારવા અંગેની માહિતી આપી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદના વહેરાખાડી પ્રાથમિક શાળામાં ધો.8ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



**આણંદ** | આણંદ તાલુકાના વહેરાખાડી ગામની પ્રાથમિક શાળામાં ધોરણ 8ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા પોતાના અનુભવો અને આવનાર ભવિષ્ય વિશે રજુઆત કરી હતી. 8મા ધોરણના વિદ્યાર્થીઓએ પોતાની યાદગીરી રુપે શાળામાં ફોટો સ્ટેન્ડ તથા દરેક શિક્ષકને ગુલાબનું ફૂલ તથા બોલપેન આપ્યાં હતાં. આ પ્રસંગે શાળાના આચાર્ય દિલીપભાઈએ વિદ્યાર્થીઓનો તથા શિક્ષકોનો આભાર માનીને વિદાય લેતા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

### મોગરીની વી.જે. પટેલ કોલેજના વિદ્યાર્થી ઇન્ટર યુનિવર્સિટીની વિવિધ રમતોમાં ઝળક્યાં



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત મોગરી સ્થિત વી.જે.પટેલ કોલેજ ઓફ ફિઝીકલ એજયુકેશનમાં બીપીએડ, બીપીઈએસ તેમજ એમપીઈએસ (જોડાણ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સીટી) કોર્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ સમગ્ર વર્ષ 2024-25 દરમ્યાન સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સીટીની ઈન્ટર યુનિવર્સીટીની વિવિધ રમતોની ટીમમાં પસંદગી પામી યુનિવર્સીટી તરફથી પ્રતિનિધિત્વ કરી મંડળ અને કોલેજને ગૌરવ અપાવવા બદલ ચરોતર એજયુકેશન સોસાયટી, આણંદના મંત્રી કે.ડી.પટેલ અને મંડળના સભ્યો વતી ભીખાભાઇ પટેલ આર્ટસ કોલેજના આચાર્ય ડો. અશોકસિંહ ઝાલા તેમજ કોલેજના આચાર્ય ડો. અજીતસિંહ ગોહિલ દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

### ગોધરાના સુવર્ણ જ્યંતિ મહોત્સવના ઉપલક્ષમાં 108 ભક્તો પદયાત્રા કરી વડતાલધામ પધાર્યા



**આણંદ** | ગોધરા સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન સંકલ્પસિદ્ધ શ્રી ઘનશ્યામ મહારાજના સુવર્ણ જયંતી મહોત્સવના ઉપલક્ષમાં ગોધરાથી વડતાલ સુધીની 108 ભક્તોની પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પદયાત્રા વડતાલ આવી પહોંચતા શ્યામવલ્લભ સ્વામી, ઘનશ્યામસ્વામી સાવદા, જયેન્દ્ર શાસ્ત્રીજી, ઘનશ્યામ સ્વામી વગેરેએ વડતાલના પાદરે પૂષ્પમાળા પહેરાવી યાત્રીઓનું સ્વાગત કર્યું હતું. બાદમાં ડો.સંત સ્વામી તથા શ્યામવલ્લભ સ્વામી દ્વારા સમારંભ યોજાયો હતો. જેમાં શાસ્ત્રી સ્વામી નૌતમપ્રકાશદાસજી, રામપુરાના કોઠારી પી.પી.સ્વામી વિગેરે સંતો - મહંતો હાજર રહ્યાં હતાં.

### કપડવંજમાં બહુચર માતા અને ઉમિયા માતાના મંદિરેથી વિનામૂલ્યે પાણીના કુંડાઓનું વિતરણ કરાયું



**કપડવંજ** | કપડવંજ નગરમાં પંખીઓ માટેના પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. દાતા અને અબોલ જીવપ્રેમી ખુશ્બુબહેન તન્મયભાઇ રાવલ દ્વારા કાળઝાળ ગરમીમાં પાણીની તરસ છીપાવવા માટે અબોલા પક્ષીઓ ક્યાં જશે??તેની ચિંતા કરીને છેલ્લા બે વર્ષથી કપડવંજ નગરમાં બહુચર માતાજીના મંદિરે તથા ઉમિયા માતાજીના મંદિરે ખુશ્બુબહેન તન્મયભાઈ રાવલના દ્વારા પાણીના કુંડાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. જ્યાં કપડવંજ નગરના તમામ પશુ-પક્ષી પ્રેમી ત્યાંથી વિનામૂલ્યે પાણીના કુંડા લઈ શકે છે. ખાસ સોસાયટી વિસ્તારના તમામ પશુ-પંખી પ્રેમીઓ ઉમિયા માતાજીના મંદિરેથી મેળવી શકશે અને કપડવંજ નગરના પશુ-પક્ષી પ્રેમી બહુચર માતાજીના મંદિરેથી કુંડા મેળવી શકશે જ્યાં વિતરણ ચાલુ છે.

### મહેમદાવાદ શહેરની બી.એડ કોલેજમાં વાર્ષિક વિદાય સમારંભ યોજાયો




**મહેમદાવાદ** | મહેમદાવાદ શહેરની બીએડ્ કોલેજ ખાતે કોલેજના સભાખંડમાં વાર્ષિકોત્સવ તેમજ સેમિસ્ટર ચારના પ્રશિણાર્થીઓનો વિદાય સમારંભ પ્રાચાર્ય જયેશભાઈ શુક્લના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. આસમારંભના અધ્યક્ષપદે કોલેજના ચેરમેન શૈલેશભાઈ મહેતા, વાઈસ ચેરમેન સમીરભાઈ શાહ, આર્ટસ & કોમર્સ કોલેજના આચાર્ય પણ હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે વાર્ષિક અહેવાલ વાંચન પ્રા.અજયભાઇ દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ કોલેજના મીઠાં સ્મરણો વાગોળ્યા હતા. આ ઉપરાંત અધ્યક્ષ શૈલેશભાઈ મહેતાએ પ્રશિક્ષણાર્થીઓને ઉજ્વળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી. અંતે આભાર વિધિ પ્રા. વિષ્ણુભાઇ દ્વારા કરાઇ હતી.

### આઇસ્ટારના ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીના વિદ્યાર્થીનો વિદાય સમારંભ યોજાયો




આણંદ | આઈસ્ટારના ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રિયલ કેમેસ્ટ્રી દ્વારા અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટેના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિભાગના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ જુનિયર વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રિન્સિપાલ ડો. મહેન્દ્રસિંહ રાજ વિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને જીવન મૂલ્યો સાથે કારકિર્દીની શરૂઆત કરવા આવાહન આપ્યું હતું. આ પ્રસંગે વિભાગના અધ્યક્ષ ડો. રોહિત એચ. દવે દ્વારા વિદ્યાર્થીઓને આવા સફળ આયોજન બદલ શુભેચ્છા પાઠવી હતી અને વિદાય લેતા વિદ્યાર્થીઓને કારકિર્દીમાં આગળ વધે તેવી આશા વ્યક્ત કરી હતી.